
# લાપત્તા વિમાનથી ભારતમાં ભીષણ હુમલાનો ખતરો છે

## વિમાનમાં મુસાફરી કરી રહેલા ચોક્કસ લોકોએ સાધનો સાથે ચેડા કર્યા હતા અને દિશા બદલી દેવામાં આવી હતી



નવી દિલ્હી,તા.૧૬

અમેરિકના એક પૂર્વ પ્રધાન સ્ટોબ ટેલબ્રોટના નિવેદનથી ખળભળાટ મચી ગયો છે. ટેલબ્રોટે ટ્વિટર ઉપર કહ્યું છે કે લાપતા રહેલા મલેશિયન વિમાનથી એક ભારતીય શહેર ઉપર ભીષણ હુમલો કરવામાં આવી શકે છે. લાપતા થયેલા વિમાનની ભાળ છેલ્લા ઘણા દિવસથી મળી રહી નથી જેના કારણે ચિંતાનું મોજું ફળી વળ્યું છે. પૂર્વ અમેરિકી નાયબ વિદેશ પ્રધાન પૂર્વ અમેરિકી ટેલ બ્રોટે કહ્યું છે કે ફ્યુઅલ, રેન્જ અને દિશાના આધાર ઉપર ભારત ઉપર આતંકવાદી હુમલાની શંકા રહેલી છે. તેમને કહ્યું છે કે આ હુમલો ૯/૧૧ની જેમ થઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે મલેશિયન એરલાઈન્સનું વિમાન એમએચ૩૭૦ ગયા શનિવારે લાપત્તા થઈ ગયું હતું. ત્યારબાદથી અમેરિકા અને ચીન સહિતના ઘણા દેશો દ્વારા તપાસ કરવામાં આવી હોવા છતાં તેની ભાળ મળી રહી નથી. મલેશિયાના પાટનગર કાલાલુમપુરથી ચીનના પાટનગર બેજિંગ માટે રવાના થયા બાદ આ વિમાન લાપત્તા થઈ ગયું હતું. વિશ્વના ઘણા દેશો આમા તપાસમાં લાગેલા છે. આ વિમાનમાં પાંચ ભારતીય નાગરિકો અને કેનેડીયન નાગરિક તથા ક્રુમેમ્બરના ૧૨ સભ્યો હતા.

કુલ ૨૩૯ લોકો આમા મુસાફરી કરી રહ્યા હતા. ચકાસણી ઓપરેશનમાં દક્ષિણ પૂર્વ એશિયાના ૧૪ દેશોની નૌકા સેના તથા લશ્કરી વિમાનો દ્વારા તપાસ કરવામાં આવી રહી છે પરંતુ હજુ સુધી તેની કોઈપણ ભાળ મળી રહી નથી. દરરોજ લાપત્તા થયેલા વિમાનના સંદર્ભમાં નવી નવી વિગતો સપાટી ઉપર આવી રહી છે પરંતુ હજુ સુધી પાકી માહિતી મળી રહી નથી. મલેશિયન લાપત્તા વિમાનને શોધી કાઢવામાં હવે ભારતીય સંસ્થાઓ પણ લાગેલી છે. લાપત્તા વિમાનને લઈને સસ્પેન્સ વધુ ઘેરુ બની ગયું છે. મલેશિયાના વડાપ્રધાન નઝીબ રઝ્ઝાકનું કહેવું છે કે લાપત્તા થયેલા વિમાનના સાધનો સાથે ચેડા કરવામાં આવ્યા હતા અને ઉડ્ડયનની દિશાને જાણી જોઈને બદલી નાંખવામાં આવી હતી. લાપત્તા વિમાનની શોધખોળ ચાલી રહી છે. કોઈ એવા શકમંદ લોકો વિમાનમાં હતા જે વિમાનના સાધનોને બંધ કરી ચૂક્યા હતા. લાપત્તા થતાં પહેલાં વિમાનને છ-સાત કલાક સુધી અહીં વિમાનને ચારે બાજુ ફેરવવામાં આવ્યું હતું. હાલમાં કોઈ પણ તારણ ઉપર પહોંચવાની બાબત શક્ય દેખાઈ રહી નથી પરંતુ વિમાનમાં કોઈ ટેકનીકલ ખામી હતી તેવું દેખાઈ રહ્યું નથી.

## ચૂંટણી પર ૩૦૦૦૦ કરોડનો નોંધપાત્ર ખર્ચ થવાનો અંદાજ

નવી દિલ્હી,તા.૧૬

લોકસભાની ચૂંટણી ઉપર આ વખતે ૩૦૦૦૦ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ કરવામાં આવે તેવી શક્યતા છે. ભારતના ઈતિહાસમાં સૌથી મોંઘી ચૂંટણી કવાયત આ વખતે સાબિત થશે. આગામી લોકસભાની ચૂંટણીમાં સરકાર, રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા ૩૦૦૦૦ કરોડની જંગી રકમ ખર્ચ કરવામાં આવનાર છે. ચૂંટણીની કવાયત શરૂ થઈ ચુકી છે. ૧૬મી લોકસભાની ચૂંટણી પર અંદાજિત ખર્ચ ખુબ વધારે રહેશે. અમેરિકામાં ૨૦૧૨માં પ્રમુખની ચૂંટણી યોજાઈ હતી જેમાં ઉમેદવારો અને રાજકીય પક્ષો દ્વારા ૪૨૦૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૧૬મી લોકસભાની ચૂંટણી માટે અંદાજિત ૩૦૦૦૦ કરોડના ખર્ચ સામે તિજોરી મારફતે સાતથી આઠ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. ચૂંટણી પંચ ૩૫૦૦ કરોડની આસપાસ ખર્ચ કરશે. કેન્દ્રીય ગૃહમંત્રાલય, ભારતીય રેલવે, અન્ય જુદી જુદી સરકારી સંસ્થાઓ અને રાજ્ય સરકારો દ્વારા સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા આટલી જ રકમ ખર્ચ કરશે. જો કે, અંતિમ આંકડો ચૂંટણી પ્રક્રિયા પરિપૂર્ણ થઈ ગયા બાદ જારી કરવામાં આવશે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, લોકસભાની ચૂંટણી માટે ખર્ચ માટેની મર્યાદા વધારીને મહત્તમ ૭૦ લાખ અને લઘુત્તમ ૫૪ લાખ કરવામાં આવી છે. આજ કારણસર ચૂંટણી ખર્ચ આ વખતે ૩૦૦૦૦ કરોડના આંકડા સુધી પહોંચશે. ચૂંટણી ખર્ચની મર્યાદામાં વધારો કરવામાં આવ્યા બાદ બિન સત્તાવાર અંદાજ મુજબ લોકસભાની ચૂંટણીમાં મેદાનમાં રહેલા ઉમેદવાર દ્વારા આશરે ૪૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. અત્રે નોંધનીય છે કે, ૧૯૯૬માં ૨૫૦૦ કરોડ અને ૨૦૦૪માં ૧૦૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

## ચૂંટણી બાદ યુપીએ-૩ની જ સરકાર બનશે : રાહુલ

નવીદિલ્હી,તા.૧૬

કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીએ આજે ફરી એકવાર નિરાશામાં રહેલા પક્ષના કાર્યકરોનો ઉત્સાહ વધારતા કહ્યું હતું કે, આ વખતે યોજાનારી ચૂંટણી બાદ પણ યુપીએ-૩ની સરકાર બનશે. રાહુલે દાવો કર્યો હતો કે, કોંગ્રેસ પાર્ટી



લોકસભાની ચૂંટણી ૨૦૦થી પણ વધુ લોકસભાની બેઠકો જીતી જશે. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને ૧૦૦ બેઠકો આપી રહેલા ઓપિનિયન પોલ અને સર્વેને ફગાવી દેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, તેમની પાર્ટી શાનદાર દેખાવ કરશે. ૨૦૦૯ની સરખામણીમાં પક્ષનો દેખાવ સારો રહેશે. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બને તેવો કોઈ જ પ્રશ્ન નથી. રાહુલ ગાંધીએ પીટીઆઈ સાથેની વાતચીતમાં આ મુજબની વાત કરી હતી. રાહુલ ગાંધીના આ નિવેદનને રાજકીય પક્ષોમાં ઉત્સાહ વધારવાના પ્રયાસ તરીકે ગણવામાં આવે છે. હાલમાં મોટાભાગના ઓપિનિયન પોલમાં કોંગ્રેસની હાલત ખુબ જ કફોડી બતાવવામાં આવી રહી છે. ઓપિનિયન પોલને રાહુલે મજાક તરીકે ગણાવ્યા હતા. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, તમામ સર્વેના તારણો ખોટા રહેશે.

## દેશમાં નરેન્દ્ર મોદીની લહેર છે : યોગગુરૂ બાબા રામદેવ

નવી દિલ્હી,તા.૧૬

યોગગુરુ બાબા રામદેવે આજે ફરી એકવાર સામાન્ય ચૂંટણી પહેલા ભાજપને ખુલ્લી રીતે ટેકો આપવાની જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે, હાલમાં દેશમાં નરેન્દ્ર મોદીની લહેર છે. હરિદ્વાર સ્થિત પંતાજલિ યોગ પીઢના સ્થાપક રામદેવે કહ્યું હતું કે, હાલના સમયે દેશમાં સારુ શાસન કોણ કરી શકે તેવા વ્યક્તિની જરૂર છે. બાબા રામદેવે યુ ટર્ન લઈને ભાજપને ફરી ટેકો આપ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, દેશના લોકો પહેલાથી જ મોદીને વડાપ્રધાન તરીકે સ્વીકારી ચુક્યા છે. માત્ર મતદાન કરીને ઔપચારિકતા અદા કરવા માંગે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, કોંગ્રેસના ઈતિહાસમાં સૌથી કારમી હાર થશે. કોંગ્રેસની ઝાટકણી કાઢતા રામદેવે કહ્યું હતું કે, આ પાર્ટીએ ૬૫ વર્ષથી દેશમાં લૂટ ચલાવી છે. રામદેવે ૧૪મી માર્ચના દિવસે યુ ટર્ન લઈને કહ્યું હતું કે, તેઓ કોઈના ગુલામ નથી. ભાજપ અને એનડીએને સમર્થન આપવાના મુદ્દે ફેરવિચારણા કરી શકે છે. રામદેવે એ વખતે કહ્યું હતું કે, અમે કોઈ ગુલામ નથી. રાજકારણમાં વિકલ્પોનો અભાવ નથી. અમે હંમેશા કહેતા આવ્યા છીએ કે, અમારો ટેકો મુદ્દા આધારિત છે. કાળા નાણા અને ભ્રષ્ટાચાર સામે ઝુંબેશ ચલાવી રહેલા રામદેવે કહ્યું હતું કે, એનડીએ જો ખાતરી આપશે તો જ અમે ટેકો આપીશું. લેખિતમાં પક્ષ પાસેથી ખાતરીની માંગ પણ રામદેવે કરી હતી. પતાંજલિ ટ્રસ્ટ પહેલાથી જ વિવાદમાં છે તેના પર ટેક્સના મામલે આક્ષેપો થતાં રહ્યા છે. પતાંજલિ ટ્રસ્ટ દેશમાં લાખો ચાહકો ધરાવે છે. રામદેવે કહ્યું હતું કે, દેશમાં ૫૦ કરોડ મતદારોને એકત્રિત કરવામાં આવશે. મોદી ઐતિહાસિક જીત મેળવશે.

## બીજી બેન્કોથી ફ્રી એટીએમ ટ્રાન્જેક્શન બંધ કરવા સૂચન

મુંબઈ,તા.૧૬

ઈન્ડિયન બેન્કર્સ એસોશીએશને મહાનગરોમાં કસ્ટમરો પાસેથી બીજા બેન્કોના એટીએમના ઉપયોગ ઉપર ટેક્સ વસૂલ કરવાની અપીલ કરી છે. મહાનગરોમાં કસ્ટમરો પાસેથી બીજા બેન્કોના એટીએમના ઉપયોગ માટે બેન્કોને ટેક્સ વસૂલ કરવાની મંજૂરી આપવા ઈન્ડિયન બેન્કર્સ એસોસીએશને રિઝર્વ બેંકને અપીલ કરી છે. ફ્રી એટીએમ ટ્રાન્જેક્શન બંધ કરવા માટે રજૂઆત કરવામાં આવી છે. મહાનગરોમાં બીજા બેંકોથી ફ્રી એટીએમ ટ્રાન્જેક્શન બંધ કરવાની સલાહ આપ્યા બાદ આને લઈને હોબાળો મચી ગયો છે. અલબત્ત એસોસીએશને ગ્રામીણ વિસ્તારમાં બેંક ગ્રાહકોએ મહિનામાં પાંચ વખત ફ્રી લેવડ દેવડ જારી રાખવાની તરફેણ કરી છે. ઈન્ડિયન બેન્કર્સ એસોસીએશનના મુખ્ય કારોબારી અધિકારી એમવી ટાન્કસાલેએ માહિતી આપતા કહ્યું છે કે અમે રિઝર્વ બેંકને ભલામણો સોંપી ચૂક્યા છીએ. ઓછામાં ઓછા મહાનગરોમાં બીજા બેન્કોના એટીએમથી મહિનામાં પાંચ વખત મફત લેવડ દેવડની વ્યવસ્થાને પરત ખેંચી લેવાની માંગણી કરવામાં આવી છે. અન્ય બેંકના એટીએમથી લેવડ દેવડ ઉપર ટેક્સ લાગુ કરવાની રજૂઆત કરવામાં આવી છે. ગ્રામીણ ક્ષેત્રોમાં વર્તમાન વ્યવસ્થાને જાળવી રાખવાની પણ તરફેણ કરવામાં આવી છે. ગયા વર્ષે નવેમ્બર મહિનામાં બેંગ્લોરમાં એક એટીએમમાં મહિલા ઉપર હુમલો કરવામાં આવ્યા બાદ રાજ્ય સરકારોએ બેંકોને તમામ એટીએમ ઉપર સુરક્ષા ગાર્ડ મૂકવાની રજૂઆત કરી છે.

## ઉત્તરપ્રદેશમાં કોમવાદી તાકાત ઘુસી રહી છે : લાલુનો આક્ષેપ

નવી દિલ્હી,તા.૧૬

રાષ્ટ્રીય જનતા દળના વડા લાલૂ પ્રસાદ યાદવે આજે ભાજપ અને શિવસેના ઉપર આકરા પ્રહારો કર્યા હતા પરંતુ આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલની નોંધ પણ લીધી ન હતી. બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના નામનો ઉલ્લેખ કર્યા વગર કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં કોમવાદી તાકાતો ઘુસણખોરી કરી ચુકી છે પરંતુ બિહારમાં કોમવાદી તાકાતોને પ્રવેશ કરવાની મંજુરી આપવામાં આવશે નહીં. અમે બિહારની અંદર કોમવાદી પરિબળોને કોઈપણ કિંમતે ઘુસણખોરી કરવા દઈશું નહીં. મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવસેના



ગઠબંધનમાં તિરાડના મામલે વાત કરતા કહ્યું હતું કે, શિવસેના એજ પાર્ટી છે જે બિહાર અને ઉત્તરપ્રદેશમાંથી જતા લોકો ઉપર હુમલામાં સામેલ રહી છે. બિહાર અને ઉત્તરપ્રદેશના લોકોને મોટા પ્રમાણમાં ટાર્ગેટ બનાવવામાં આવ્યા છે. લાલૂએ એમપણ કહ્યું હતું કે,શિવસેના અને ભાજપ નજીકના મિત્રો રહ્યા છે. લોકસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની ઉપસ્થિતિ અંગે પૂછવામાં આવતા લાલૂએ કહ્યું હતું કે, આમ આદમી પાર્ટીની કોઈપણ જગ્યાએ ઉપસ્થિતિ દેખાઈ રહી નથી. લોકસભાની ૪૦ બેઠકો ધરાવનાર બિહારમાં ૧૦મી એપ્રિલ, ૧૭મી એપ્રિલ, ૨૪મી એપ્રિલ, ૩૦મી એપ્રિલ, ૭મી મે અને ૧૨મી મેના દિવસે મતદાન યોજાનાર છે. એપ્રિલ-મેની ૨૦૦૯ની ચૂંટણીમાં લાલૂની પાર્ટી આરજેડીનો ખુબ જ કંગાળ દેખાવ રહ્યો હતો અને આ પાર્ટીને માત્ર ચાર જ બેઠક મળી હતી. આ તમામ બેઠકો બિહારમાંથી મળી હતી. લાલૂ યાદવે આજે તીવ્ર પ્રહારોનો મારો ચલાવીને પરોક્ષ રીતે નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવ્યા હતા. જો કે, અરવિંદ કેજરીવાલની પાર્ટીની કોઈ ઉપસ્થિતિ હોવાનો લાલૂએ ઈન્કાર કર્યો હતો.

## વાજપેયી-અડવાણીના યુગનો અંત આવ્યો છે

ભોપાલ,તા.૧૬

ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની ભત્રીજી અને હાલમાં જ ભાજપ સાથે છેડો ફાડીને કોંગ્રેસમાં સામેલ થયેલા કરૂણા શુક્લાએ આજે કહ્યું હતું કે, ભાજપની અંદર વાજપેયી અને અડવાણી જેવા પીઢ નેતાઓના યુગનો અંત આવી ગયો છે. ભૂતપૂર્વ લોકસભા સાંસદ શુક્લાએ ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં ભાજપ સાથે છેડો ફાડી લીધો હતો. સિનિયર નેતાઓ દ્વારા તેમની સતત અવગણના કરવામાં આવી રહી હતી. ૬૩ વર્ષીય શુક્લાએ કહ્યું છે કે, ભાજપમાં વાજયેપી અને અડવાણીના યુગનો અંત આવી ગયો છે. નરેન્દ્ર મોદી, રાજનાથસિંહ અને અન્ય કેટલાક લોકો સહિત વ્યક્તિગતોની ટીમ દ્વારા ભાજપને ચલાવવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે, ભાજપ સાથે ૩૨ વર્ષ સુધી રહ્યા હોવા છતાં તેમને આ પાર્ટી સાથે છેડો ફાડી લેવાની ફરજ પડી છે. કારણ કે, તેઓ ભાજપના નિર્ણયથી ખુબ જ હતાશ હતા.

## સમાચાર ઝલક

- અમદાવાદમાં ૪ બાઇક ચોરનાર ત્રણ કિશોરો ઝડપાયા.
- આશારામ-સાંઇ પ્રકરણમાં કરોડોની રકમની લાંચ અંગે આવકવેરાની પૂછપરછ.
- બનાસકાંઠામાં અત્યારથી જ કેટલાય ગામોમાં પાણીની તંગી સર્જાઇ.
- ભૂતપૂર્વ અમેરીકન રાજદૂત દેવયાની ખોબ્રાગડેની વધતી મુશ્કેલીઓ.
- મલેશિયાના લાપત્તા વિમાનની તપાસમાં ૧૪ દેશોની એજન્સીઓ જોડાઇ.
- માહિતી પ્રસારણ પ્રધાન મનીષ તિવારી લોકસભાની ચૂંટણી નહિ લડે.
- રાજયસભાના સભ્ય તરીકે ચૂંટાતા પરિમલ નથવાણીનું લોહાણા સમાજે સન્માન કર્યું.
- અમદાવાદના કુખ્યાત બુટલેગર લંગડાને ત્યાં રેડ પાડતી શાહીબાગ પોલીસ.
- સાપુતારામાં હનીમૂન માટે ઔરંગાબાદથી આવેલ દંપતીમાં પતિએ પત્નીને ખીણમાં ધક્કો મારી મોત નીપજાવ્યું.
- મુંબઇમાં મીઠાઇઓમાં ઝેરી પદાર્થોની ભેળસેળ થાય છે, તેનો પર્દાફાશ કરવામાં આવ્યો.
- ચૂંટણી સમયે હોળીના ઉત્સવમાં પણ ચકાસણી કરવાની તાકીદ કરતું તંત્ર.
- મુંબઇમાં થાણેમાં એક બિલ્ડીંગમાં આગ લાગતા બે વ્યક્તિઓનાં મોત.
- વારાણસીમાં હોળીનો ઉત્સવ સ્મશાનમાં મનાવવામાં આવે છે.
- મહેસાણા જિલ્લામાં ભાસરિયા ગામે મહિલા પોલીસ સબ ઇન્સ્પેક્ટર અને બુટલેગર સામસામે, પોલીસની કામગીરી અંગે અનેક સવાલો ઊભા થયા.
- દેશભરમાં હોળીનો તહેવાર પરંપરાગત રીતે ઉમંગ અને ઉલ્લાસથી ઉજવાયો, હોળીની જવાળાઓથી આગામી ચોમાસાનું ભાવિ અંકાશે.

## આલિયા ભટ્ટ-રણબીરને લઈ પૂજા ભટ્ટ નવી ફિલ્મ બનાવશે

મુંબઈ, તા.૧૬

હાઈવે ફિલ્મમાં શાનદાર ભૂમિકા બદલ હવે અભિનેત્રી આલિયા ભટ્ટની ચારેબાજુ પ્રશંસા થઈ રહી છે. આલિયા ભટ્ટની પ્રશંસા કરનાર કલાકારોમાં હવે યુવા પેઢીના સુપર સ્ટાર રણબીર કપૂર પણ જોડાઈ ગયો છે. રણબીર કપૂરે કહ્યું છે કે આલિયા ભટ્ટની ભૂમિકાથી તે ખૂબ જ પ્રભાવિત થયો છે. કેટરીના કૈફ અને દીપિકા કરતા પણ વધારે પ્રશંસા રણબીરે હવે આલિયાની કરી છે જેથી તર્કવિતર્કોનો દોર શરૂ થયો છે. એવા અહેવાલ પણ મળી રહ્યા છે કે રણબીરે તેની આગામી ફિલ્મમાં આલિયા ભટ્ટ સાથે કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી



છે. રોક સ્ટાર અભિનેતાએ કહ્યું છે કે તેની છેલ્લી ફિલ્મની ભૂમિકાથી તે આશ્ચર્યચકિત અને ખુશ છે. ઈમ્તિયાઝ હવે રણબીર કપૂર સાથે આલિયા ભટ્ટને લેવાની તૈયારી કરી ચૂક્યા છે. વિન્ડો સીટ નામની આ ફિલ્મમાં દીપિકાએ કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી પરંતુ રણબીરે આલિયા ભટ્ટ ઉપર પસંદગી ઉતારી છે. આનો મતલબ એ થયો કે આલિયા ભટ્ટને વધુ એક મોટી ફિલ્મ મળી ગઈ છે. કેટરીના કૈફ અને દીપિકા બેમાંથી કોઈ એકને લેવાશે તેવી ગણતરી ચાલી રહી હતી. એવા અહેવાલ પણ મળ્યા છે કે પૂજા ભટ્ટ પણ આગામી પ્રોજેક્ટ ઉપર કામ શરૂ કરી ચૂકી છે. આ પ્રોજેક્ટમાં રણબીર કપૂર અને આલિયા ભટ્ટને લેવામાં આવશે. વિતેલા વર્ષોની ફિલ્મ દિલ હૈ કી માનતા નહીંની રિમેક બનાવવામાં આવનાર છે. મૂળભૂત ફિલ્મમાં પૂજા ભટ્ટ અને આમિર ખાને ભૂમિકા ભજવી હતી. જો તમામ બાબતો યોજના પૂર્વક આગળ વધશે તો રણબીર અને આલિયા ભટ્ટની જોડી આ ફિલ્મમાં જોવા મળી શકે છે. બીજી બાજુ આલિયા ભટ્ટ પણ રણબીર જેવા મોટા કલાકારને લઈને ફિલ્મ મળવાને લઈને ખૂબ જ ખુશ દેખાઈ રહી છે.

## હોળીના તહેવારની દેશભરમાં ઉજવણી

દિલ્હી, તા.૧૬

હોળીના પર્વને આજે દેશભરમાં પરંપરાગત રીતે શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી. જુદી જુદી જગ્યાઓએ ધાર્મિક માહોલમાં હોળી પ્રગટાવવાના કાર્યક્રમો સાંજે યોજાયા હતા જેમાં જુદા જુદા સમુદાયના લોકો પણ એકત્રિત થયા હતા. હોળી પ્રગટાવવાને લઈને છેલ્લા બે-ત્રણ દિવસથી જ તૈયારીઓ ચાલી રહી હતી. સાંજે જુદા જુદા વિસ્તારોમાં સોસાયટીઓ, આવાસો નજીક હોળી પ્રગટાવવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આ વખતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હોળી પ્રગટાવવાને લઈને કેટલીક જરૂરી સૂચનાઓ આપી હતી જેથી વધારે સાવધાની રાખવામાં આવી હતી. અમદાવાદ ઉપરાંત ગુજરાત, દેશના અન્ય ભાગોમાં હોળી પ્રગટાવવાના કાર્યક્રમ મોડી રાત સુધી ચાલ્યા હતા જેમાં લોકોએ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહારમાં હોળીની વિશેષ રીતે ઉજવણી કરવામાં આવે છે. હોળીના દિવસે વિવિધ જુદા જુદા કાર્યક્રમો પણ યોજાય છે.

## તેજસ્વી બાળક : તેજસ્વી ભારત (પાના નં. ૪ નું ચાલુ)

મકરંદ દવેએ પણ એમની ઉત્તમ ભાષાશૈલીમાં આલેખ્યું છે, ‘મનુષ્યનું શરીર સ્ત્રી અને પુરૂષ સ્વરૂપે વિભક્ત ભાસે છે, પણ તે બંનેમાં પેલું પરમ સ્વરૂપ સમાન ભાવે રહેલું છે. અદ્વૈત સાધી એના મહિમામય શ્રેષ્ઠ સ્વરૂપને સત્યનિષ્ઠ, જ્ઞાનમય અને આનંદપૂર્ણ જીવનમાં પ્રગટ કરવું એ જ લગ્નનો હેતુ છે. એને માત્ર શરીરભાવ પૂરતું જ સીમિત કરી દેવું એ જડતા છે, મનુષ્યત્વનુ ંઅપમાન છે. શું સ્ત્રી કે શું પુરૂષ, બંનેમાંથી કોઇ સંપૂર્ણ નથી. પણ તેમની યાત્રા તો પરસ્પરના સહયોગથી પોતાના વ્યક્તિત્વના પૂર્ણ વિકાસ ભણી હોવી જોઇએ.... મનુષ્ય લગ્ન દ્વારા પોતામાં જ રહેલાં આત્મસ્વરૂપને પામે છે, એટલા માટે જ દંપત્તીનો સ્નેહ અક્ષય આનંદનો ભંડાર બની જવો જોઇએ... દાંપત્ય યોગ આવા અમૃતમય આનંદને પ્રાપ્ત કરવા માટે છે. દાંપત્યનાં આદર્શો માટે પતિ-પત્નીએ વૃત્તિઓનું શુદ્ધીકરણ અને ઊર્ધ્વીકરણ કરવું અનિવાર્ય છે. તો જ તપોજ્જવલ લગ્નજીવન સમૃદ્ધ, સફળ અને દેવોના વરદાન સમું બની રહે છે.’

દંપતી અને દાંપત્યની આથી વધુ ઉચ્ચ પરિભાષા અને ભૂમિકા બીજી શી હોઇ શકે?

દાંપત્ય જીવનના પરિપાક રૂપે આપણા પરિવારમાં ઉત્તમ બાળકને શી રીતે જન્માવવું એ દરેક દંપત્તિએ જાણવું જોઇએ. આ શાસ્ત્રને અધિજનન શાસ્ત્ર કહે છે.

ચિલ્ડ્રન્સ યુનિ. ના લક્ષ્ય અને કાર્ય (Vision and Mission) માં ‘ઉત્તમ સંતતિના અવતરણ’ ના શાસ્ત્રને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. અજન્મા શિશુથી માંડીને ૧૮ વર્ષના યુવાન સુધી... બાળકની દરેક તબક્કે આવશ્યકતાઓ કેવી હોય છે, હોઇ શકે એવા વિષયોનું સંશોધન - કાર્ય એ યુનિવર્સિટીઓ અતિ મહત્ત્વપૂર્ણ આયામ છે.

યુનિ.એ ગર્ભવિજ્ઞાનના મહત્ત્વપૂર્ણ વિષયને ઘર-ઘરનો વિષય બનાવવા માટે ‘તપોધન સંશોધન કેન્દ્ર’ નામનો પ્રકલ્પ આરંભ્યો છે. અત્યારે ગુજરાતમાં આવા ૧૨ ‘તપોધન કેન્દ્રો’ ચાલી રહ્યાં છે, જેમાં છેલ્લા સાડા ત્રણ વર્ષના સમયગાળામાં ૧૮,૦૦૦ કરતાં વધારે માતાઓએ આ અંગેનું પ્રશિક્ષણ મેળવ્યું અને તેજસ્વી બાળકોને જન્મ આપ્યો છે.

હવે, દિ.૩૧ માર્ચ, ૨૦૧૪ ને ગુડીપડવા (વર્ષપ્રતિપદા) ના દિવસથી યુનિ.ના ગાંધીનગર ખાતેના સેક્ટર-૨૦ ના પરિસરમાં ૧૩મું તપોધન કેન્દ્ર શરૂ થઇ રહ્યું છે, જેમાં ગાંધીનગર શહેર અને તાલુકાની માતાઓ નિ:શુલ્ક શિક્ષણ મેળવી શકશે. કોઇ પણ જાતિ-ધર્મ સંપ્રદાયની બહેનો આ કાર્યમાં જોડાઇ શકે છે. આ કેન્દ્રમાં નીચેની બાબતોનું શિક્ષણ આપવામાં આવશે -

- સગર્ભાનો આહાર-વિહાર-વિચાર
- ગર્ભધ્યાન કેવી રીતે કરવું, પ્રાર્થના અને શુભ સંકલ્પો કરવા.
- ગર્ભસંવાદ - ગર્ભસ્થ શિશુ સાથે સંવાદ કેવી રીતે કરવો
- ગર્ભસ્થ શિશુ પર સંગીતની અસરો
- સગર્ભાએ શું વાંચવું જોઇએ
- પરિવારનું વાતાવરણ સ્વસ્થ અને સુંદર રાખવું
- ગર્ભાવસ્થા દરમિયાન યોગ અને આસનો અંગે માર્ગદર્શન
- પ્રકૃતિદર્શન, વાર્તાશ્રવણ, ભરતગૂંથણ જેવી બીજી અનેકવિધ પ્રવૃત્તિઓથી બાળકની તેજસ્વીતા અને બુદ્ધિશક્તિ વધારવી.
- નવ મહિના દરમિયાન ગર્ભવિકાસના તબક્કાઓની સમજણ, પુંસવન સંસ્કારની વિધિ કરાવવી.
- પ્રાચીન અને અર્વાચીન જ્ઞાન અને સંશોધનોની સંપૂર્ણ માહિતી આપવી, ફિલ્મો બતાવવી
- યુનિવર્સિટીના પ્રકલ્પ - સંયોજન દ્વારા સગર્ભાના પ્રશ્નો અને એમની મૂંઝવણોનું નિવારણ
- ગર્ભવિજ્ઞાનના તજજ્ઞો અને નિષ્ણાતો સાથે સગર્ભા બહેનોનો વાર્તાલાપ
- યુનિવર્સિટીના પુસ્તકાલયનો છૂટથી ઉપયોગ કરવા દેવામાં આવશે અને સગર્ભા બહેનોએ વાંચવા જેવાં પુસ્તકો એમને વાંચવા માટે ઘર લઇ જવાની પણ છૂટ આપવામાં આવશે.
- યુનિવર્સિટીના-બાળગીત, અભિનય ગીત, Art & Craft, ચિત્રકામ, વાર્તા-વગેરે વિષયોમાં તજજ્ઞો દ્વારા સગર્ભા બહેનોને વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે.

અમે માનીએ છીએ કે ગર્ભવિજ્ઞાનનો આ પ્રકલ્પ - ‘તપોધન સંશોધન કેન્દ્ર’ એ ઉત્તમ ભાવિ સમાજજીવનનું પ્રવેશદ્વાર છે.

દિ. ૩૧ માર્ચથી દરરોજ બપોરે ૨ થી ૫ ના સમયમાં સગર્ભા બહેનો આ કેન્દ્ર પર આવી વિવિધ પ્રવૃત્તિઓ કરી શકશે.

આ વિષયની વિસ્તારપૂર્વકની સમજૂતી માટે અને પૃષ્ઠભૂમિ તૈયાર કરવા માટે દિ.૨૦ માર્ચને ગુરૂવારના દિવસે બપોરે ૨ થી ૫ ના સમયમાં એક ‘સગર્ભા સંમેલન’નું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં પણ સહભાગી થવા સગર્ભા બહેનોને અમારું ભાવભર્યું નિમંત્રમ છે.

તો, ચાલો આપણે સહુ સાથે મળીને સમાજના પુનરૂસ્થાનનો અને તેજસ્વી ભાવિ સમાજના નિર્માણના માર્ગ પર ચાલવાનો ભવ્ય પુરૂષાર્થ આદરીએ.